તંત્રીશ્રીની કલમે

અમે વન ઈન્ડિયા પોલિસીનું સન્માન કરીએ છીએ : ટ્રૂડો

કેનેડાના પીએમ જસ્ટિન ટ્રૂડો કાચિંડાની જેમ રંગ બદલી રહ્યા છે. પહેલા તેણે ભારત વિરુદ્ધ ઝેર ઓકયું અને હવે ભારતના આકરા સ્ટેન્ડ પછી તેણે વન ઈન્ડિયા પોલિસીની વાત કરી. ટ્રૂડોએ કહ્યું કે કેનેડા ભારતની સાર્વભૌમત્વ અને પ્રાદેશિક અખંડિતતાને સંપૂર્ણપણે સ્વીકારે છે અને તેનું સન્માન કરે છે. પરંતુ ઓટાવા પર હુમલો કરીને દિલ્હીએ અમારી લોકશાહીની અખંડિતતાને નબળી પાડી છે.

ટ્રૂડોના આ નિવેદન બાદ હવે કડવાશ ઘટવાને બદલે વધી રહી છે. હકીકતમાં, ખાલિસ્તાની આતંકવાદી હરદીપ સિંહ નિજ્જર હત્યા કેસમાં ટ્રૂડોના આરોપો પછી, ભારતે ૬ કેનેડિયન રાજદ્વારીઓને ભારતમાંથી હાંકી કાઢ્યા હતા. અને કેનેડામાંથી પોતાના રાજદ્વારીઓને પાછા ખેંચવાની પણ જાહેરાત કરી હતી. આ રીતે બંને દેશો વચ્ચે ફરી એકવાર તણાવ વધી ગયો છે. પીએમ ટ્રૂડોએ કહ્યું કે અમે ભારતની એકતાનું સન્માન કરીએ છીએ. કેનેડામાં ઘણા લોકો અલગતાવાદની વાત કરે છે પરંતુ અમે વન ઈન્ડિયા પોલિસીનું સન્માન કરીએ છીએ. ભારતે સતત અમારી ટીકા કરી છે. મીડિયા દ્વારા અમારા પર હુમલો કરવામાં આવ્યો છે. ટ્રૂડોએ કહ્યું કે મહત્વપૂર્ણ ભાગીદાર હોવાના કારણે અમે ભારત સાથે ઝઘડો કરવા માંગતા નથી. અમારી વચ્ચે ગાઢ સંબંધો અને લાંબો ઈતિહાસ છે.

અગાઉ વડા પ્રધાન ટ્રૂડોએ સ્વીકાર્યું હતું કે તેમણે નિજ્જર હત્યા કેસમાં ભારતને કોઈ પુરાવા રજૂ કર્યા નથી. કેનેડાના પીએમે કહ્યું કે અમે ભારતને માત્ર ગુપ્ત માહિતી આપી હતી અને કોઈ નક્કર પુરાવા આપ્યા નથી. ટ્રૂડોના આ કબૂલાત પર ભારતે આકરો જવાબ આપ્યો છે. ભારતે કહ્યું કે ટ્રૂડોએ એ જ કહ્યું જે અમે સતત કહીએ છીએ.

બાબા સિદ્દીકીને અંતિમ વિદાઈ આપવા કેમ ન આવ્યો ખાસ મિત્ર શાહરૂખ ખાન?

રાષ્ટ્રવાદી કૉંગ્રેસ પાર્ટીના નેતા અને મહારાષ્ટ્રના પૂર્વ ધારાસભ્ય બાબા સિદ્દીકની ૧૨ ઓક્ટોબરે હત્યા કરવામાં આવી હતી. આ ઘટના મુંબઈના બાંદ્રામાં તેમના દીકરા જિશાન સિદ્દીકીની ઓફિસની બહાર બની હતી. અચાનક ત્રણ હુમલાખોરોએ તેમની ગોળી મારીને હત્યા કરી નાખી. બાબા સિદ્દીકીની હત્યાથી બોલિવૂડ સ્ટાર્સ સહિત તેમના ઘણા ફેન્સને આઘાત લાગ્યો છે. બાબા સિદ્દીકીને બોલિવૂડની કેટલીક હસ્તીઓ સાથે નજીકના સંબંધો હતા. તેઓ દર વર્ષે ઈદના અવસર પર ઈફ્તાર પાર્ટીનું આયોજન કરતા હતા, જેમાં શાહરૂખ ખાનથી લઈને સલમાન ખાન સુધીના ઘણા સુપરસ્ટાર્સ જોવા મળતા હતા.બાબા સિદ્દીકીના નિધન બાદ સલમાન, સંજય, શિલ્પા શેટ્ટી, રાજ કુન્દ્રા, પૂજા ભટ્ટ, ઝહીર ઈકબાલ સહિત ઘણા સ્ટાર્સ તેમને વિદાય આપવા આવ્યા હતા. જોકે, શાહરૂખ ખાને આ સમગ્ર મામલે મૌન જાળવી રાખ્યું છે. કિંગ ખાને તેમના અંતિમ સંસ્કારમાં પણ હાજરી આપી ન હતી. આખરે આની પાછળનું કારણ શું છે?શાહરૂખ રાજકારણની સાથે બાબા સિદ્દીકી હત્યાના વિષયથી પણ પોતાને દૂર રાખવા માગે છે. એક સૂત્રએ જણાવ્યું કે, શાહરૂખ ખાન બાબા સિદ્દીકીની હત્યા કેસમાં સામેલ થવા નથી ઈચ્છતો. આ મામલો સલમાન ખાન સાથે પણ જોડાયેલો છે અને કિંગ ખાન આ બાબતથી દૂર રહેવા માગે છે. લોરેન્સ બિશ્નોઈની ગેંગ કેવી રીતે કામ કરે છે તે જાણીને શાહરૂખ ખાન હવે તેના વિશે કંઈપણ કહેવા માગતો નથી.

'સિંઘમ અગેઈન'ની રિલીઝ પહેલા જ બની ગયો ગિનીસ વર્લ્ડ રેકોર્ડ

'સિંઘમ અગેઈન'ની રિલીઝ પહેલા જ અજય દેવગણ, રોહિત શેટ્ટીએ એવું કામ કર્યું કે બની ગયો ગિનીસ વર્લ્ડ રેકોર્ડસ્વિગીએ હાલમાં જ એક નવો રેકોર્ડ બનાવ્યો છે જેણે લોકોને ચોંકાવી દીધા છે. સ્વિગીએ ફિલ્મ 'સિંઘમ અગેઈન'ની ટીમ સાથે મળીને એક જ ડિલિવરીમાં ૧૧,૦૦૦ વડાપાવની ડિલિવરી કરીને ગિનીસ વર્લ્ડ રેકોર્ડ બનાવ્યો છે. આ ડિલિવરી મુંબઈમાં રોબિન હૂડ આર્મીના બાળકોને કરવામાં આવી હતી, જે ભૂખ સામે કામ કરતી એનજીઓ છે.અજય દેવગણ અને રોહિત શેટ્ટીએ પણ આ પહેલમાં ભાગ લીધો હતો. વડાપાવની ડિલિવરી વિલે પાર્લેની એરપોર્ટ હાઈસ્કૂલ અને જુનિયર કોલેજથી શરૂ થઈ હતી, જ્યાં અજય દેવગણ, રોહિત શેટ્ટી અને સ્વિગીના સહ-સ્થાપક ફણી કિશનને ઓર્ડર મળ્યો હતો. આ પછી બાંદ્રા, જુહુ, અંધેરી ઈસ્ટ, મલાડ અને બોરીવલીની વિવિધ શાળાઓમાં વડાપાવનું વિતરણ કરવામાં આવ્યું હતું.આ ડિલિવરી માટે સ્વિગીએ તેના નવા લોન્ચ કરેલા સ્વિગી એક્સએલ ફ્લીટનો ઉપયોગ કર્યો હતો, જે મોટા પાયે ઓર્ડરને હેન્ડલ કરવા માટે ડિઝાઈન કરવામાં આવી છે. આ કાફલામાં ઈલેક્ટ્રિક વાહનોનો ઉપયોગ કરવામાં આવ્યો હતો, જે ડિલિવરી વધુ કાર્યક્ષમ અને પર્યાવરણને અનુકૂળ બનાવે છે.સ્વિગીના સહ-સ્થાપક ફણી કિશનએ જણાવ્યું હતું કે, ''સ્વિગીના ૧૦ વર્ષમાં, અમે મુંબઈ અને અન્ય શહેરોમાં લાખો વડાપાવ પહોંચાડ્યા છે અને અમે 'સિંઘમ અગેઈન' સાથે મળીને સૌથી મોટા સિંગલ ફૂડ ઓર્ડર માટે ગિનીસ વર્લ્ડ રેકોર્ડ બનાવવા માટે ઉત્સુક છીએ. આ રોમાંચક કાર્યક્રમ સ્વિગીની ફૂડ ડિલિવરી પ્રત્યેના કમિટમેન્ટને સંપૂર્ણપણે દર્શાવે છે, પછી તે મોટો ઓર્ડર હોય કે નાનો ઓર્ડર હોય અને શાનદાર સિંઘમ સ્ટાઈલમાં આઈકોનિક સ્ટ્રીટ ફૂડ માટે મુંબઈના પ્રેમની ઉજવણી કરે છે.આ રેકોર્ડ બ્રેકિંગ ડિલિવરી સ્વિગીને ક્વિક કોમર્સ ઈન્ડસ્ટ્રીમાં એક નવી ઊંચાઈઓ પર પહોંચાડી દીધું છે. સ્વિગીની આ સફળતા અન્ય ઈ-કોમર્સ પ્લેટફોર્મને પણ પ્રેરણા આપશે અને તેઓ પણ તેમના ગ્રાહકોને વધુ સારી સેવા આપવાનો પ્રયાસ પણ કરશે.

રણબીર કપૂરે નવા ડેશિંગ લુકથી ફેન્સને આપી સરપ્રાઈઝ

બોલિવૂડ એક્ટર રણબીર કપૂરે સેલિબ્રિટી હેરસ્ટાઈલિસ્ટ આલીમ હકીમના નવા હેરકટથી સોશિયલ મીડિયા પર ધૂમ મચાવી દીધી છે. હેરસ્ટાઈલિસ્ટ દ્વારા ઈન્સ્ટાગ્રામ પર શેર કરાયેલી તસવીરોમાં રણબીર ખૂબ જ હેન્ડસમ લાગી રહ્યો છે. એક તસવીરમાં તેણે આલીમ હકીમ સાથે મિરર સેલ્ફી શેર કરી છે. રણબીરના તાજેતરના લૂકે ધૂમ ૪ માટે ઉત્તેજના વધુ વધારી દીધી છે. લોકો ધૂમ ૪ની આતુરતાથી રાહ જોઈ રહ્યા છે. વર્ક ળન્ટ વિશે વાત કરીએ તો, રણબીર કપૂરની છેલ્લી રિલીઝ એનિમલ હતી જે બ્લોકબસ્ટર રહી.હેરસ્ટાઈલિસ્ટે આ પોસ્ટમાં પોતાના વખાણ કરવામાં કોઈ કસર છોડી નથી. તેણે પોસ્ટ સાથે કેપ્શન લખ્યું — હોટનેસ એલર્ટ, રણબીર કપૂર. આલીમ હકીમે આ તસવીર શેર કરતાની સાથે જ ચાહકોએ કોમેન્ટ સેક્શનમાં વખાણ કર્યા હતા. ચાહકોએ અનુમાન લગાવ્યું હતું કે આ લૂક તેની આગામી ફિલ્મ ધૂમ ૪ માટે હોઈ શકે છે. એક યુઝરે લખ્યું, કદાચ આ ધૂમ ૪ માટે છે, બીજાએ લખ્યું, મને લાગે છે કે ધૂમ ૪ની તૈયારીઓ શરૂ થઈ ગઈ છે.ધૂમ બેન્ચાઈઝી તેની રસપ્રદ વાર્તાઓ અને સ્ટાર-સ્ટડેડ કાસ્ટ માટે જાણીતી છે. આ બેન્ચાઈઝી ૨૦૦૪માં પહેલી ફિલ્મથી દર્શકોની પસંદ છે. સંજય ગઢવી દ્વારા દિગ્દર્શિત, આ બેન્ચાઈઝીની શરૂઆત અભિષેક બચ્ચન અને જહોન અબ્રાહમ સાથે મુખ્ય ભૂમિકામાં થઈ હતી.

Printed and Published by MAYUR C. BHATT on behalf of KALYANI PUBLIATION PVT. LTD. and Printed at : Dharti Printers C-3, Shankar Chember, Nr. Fadia Chamber, Asharam Road, Ahmedabad-Published From KALYANI PUBLIATION PVT. LTD. 201,202,208 Nandan complex, opp mithakhali rly crossing, mithakhali, ahmedabad. Editior : Mayur C. Bhatt

ગુજરાતના દૂર-દરાજના અંતરિયાળ ગામો સુધી એફોર્ડેબલ અને હાઈક્વોલિટી મોબાઈલ એન્ડ ડિજિટલ સર્વિસ મળતી થશે

નવી દિલ્હી/ગાંધીનગર,

ગુજરાતમાં વધુને વધુ અંતરિયાળ વિસ્તારના ગામોને વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની સંકલ્પનાના ડિજિટલ ભારત અન્વયે સાંકળી લઈ એફોર્ડેબલ અને હાઈક્વોલિટી મોબાઈલ એન્ડ ડિજિટલ સર્વિસિસ પૂરી પાડવાનો અભિગમ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના દ્રષ્ટિવંત નેતૃત્વમાં અપનાવામાં આવ્યો છે.

રાજ્ય સરકારના સાયન્સ એન્ડ ટેક્નોલોજી વિભાગે આ હેતુસર સુધારેલ ભારત નેટ પ્રોગ્રામ ફેઝ-૩ અંતર્ગત ભારત નેટ નેટવર્ક વધુ સુદ્રઢ કરવા માટે કેન્દ્ર સરકાર સાથે એક મહત્વપૂર્ણ MOC એટલે કે મેમોરેન્ડમ ઓફ કોઓપરેશન કર્યા છે.

નવી દિલ્હીમાં ભારત મંડપમ્ ખાતે યોજાઈ રહેલી ઈન્ડિયા મોબાઈલ કૉંગ્રેસમાં આ મેમોરેન્ડમ ઓફ કોઓપરેશન કરવામાં આવ્યા હતા.

કેન્દ્રીય સંચાર મંત્રી શ્રી જ્યોતિરાદિત્ય સિંધિયા, ગુજરાતના શિક્ષણ રાજ્ય મંત્રી શ્રી પ્રફુલ પાનશેરીયા તથા સાયન્સ ટેકનોલોજી વિભાગના અગ્રસચિવ સુશ્રી મોના ખંધાર આ MOC સાઈનિંગના અવસરે ઉપસ્થિત રહ્યા હતા.

સમગ્ર ગુજરાતના ડિજિટલ કનેક્ટિવિટી લેન્ડસ્કેપમાં સમાન કવરેજ માટે રાજ્ય સરકારની આગવી પહેલરૂપ ભારત નેટ ફેઝ-૧ અને ફેઝ-૨ તથા જિલ્લા વચ્ચેના ડિજિટલ ડીવાઈડને દૂર કરી અંતરિયાળ ગામોમાં પણ ૯૮ ટકાથી વધુનો સર્વિસ અપટાઈમ હાંસલ કરવામાં આ MOC ઉપયુક્ત બનશે.

આ માટે રાજ્ય સરકારના સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગે દસ વર્ષના ગાળા માટે વન ટાઈમ કેપેક્સ અને આ સુધારેલ ભારત નેટ પ્રોગ્રામ અન્વયે ૬૦૦૦ કરોડ રૂપિયા માટેનો DPR કેન્દ્ર સરકારને પ્રસ્તુત કર્યો છે.

આ વિસ્તૃત DPRમાં સિગ્નલની શક્તિ વધારવા માટે ફાઈબર ટુ ફાર ફ્લંગ ટાવર ફાઈબરાઈઝેશન, કનેક્ટેડ અને ગ્રાસ રુટ લેવલ ગવર્નન્સ માટે ફાઈબર ટુ ફિલ્ડ ઓફિસ, ફાઈબર ટુ ફેમિલી જેવી સંપત્તિના વ્યાપક ઉપયોગ અને રાજ્યની આગેવાનીના નેટવર્ક ડિઝાઈન અને બહુ-પરિમાણીય અભિગમનો સમાવેશ થાય છે.

ગ્રામીણ આર્થિક સંભવિતતાઓને અનલૉક કરવા માટે ફાઈબર ટુ ફાઈનાન્સિયલ એન્ટરપ્રાઈઝીસ અને કનેક્ટેડ વિશ્વ સાથે નવી રોજગારીની તકોના સર્જનનો પણ આમા સમાવેશ થયેલો છે.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતમાં મુખ્યમંત્રી તરીકેના કાર્યકાળ દરમિયાન ૨૦૦૯માં "ઈ-ગ્રામ વિશ્વગ્રામ પ્રોજેક્ટ" શરૂ કરાવીને ગ્રામ્ય સ્તરે બ્રોડબેન્ડ કનેક્ટિવિટીથી ડિજિટલ યુગનો પ્રારંભ કરાવ્યો હતો.

તેમના નેતૃત્વમાં ગુજરાતે ૨૦૦૧ થી ૨૦૨૪ સુધી ૨૩ વર્ષમાં જે વિકાસ ક્રાંતિ કરી છે તેની સફળતાની ઉજવણી રાજ્યભરમાં વિકાસ સપ્તાહ તા. ૭ થી ૧૫ ઓક્ટોબર સુધી કરવામાં આવી હતી.

આ વિકાસ સપ્તાહ ઉજવણીના પૂર્ણાહુતિ દિવસે ૧૫ ઓક્ટોબરે ગુજરાત અને ભારત સરકાર વચ્ચે થયેલા આ ર્ંઝ વડાપ્રધાનશ્રીના ડિજિટલ ભારત દ્વારા છેવાડાના વિસ્તારો સુધી બ્રોડબેન્ડ ઈન્ટરનેટ કનેક્ટિવિટીના અભિગમને સાકાર કરશે.વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈની પ્રેરણા અને દિશાદર્શનમાં શરૂ થયેલા "ઈ-ગ્રામ વિશ્વગ્રામ પ્રોજેક્ટ"ને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં રાજ્ય સરકારે વધુ ગતિશીલતાથી આગળ ધપાવ્યો છે.

ભારત નેટ પર ઈ-ગવર્નન્સ સેવાઓને વ્યાપક રીતે આગળ વધારવામાં આવી છે. એટલું જ નહીં, ડિજિટલ સેવા સેતુ કાર્યક્રમ દ્વારા લોકોને ઘર આંગણે સરકારની વિવિધ સેવાઓ મળતી થઈ છે તેનો લાભ ૧.૬ કરોડ લોકોને આપ્યો છે.

રાજ્યમાં ૧૪ હજારથી વધુ ઈ-ગ્રામ કેન્દ્ર પર ૩૨૦થી વધુ સેવાઓ ઉપલબ્ધ છે. હવે ભારત નેટ ફેઝ-૩ સાથે બાકીના ઈ-ગ્રામ કેન્દ્રોને ૯૮ ટકાથી વધુ અપટાઈમ નેટવર્કની સુનિશ્ચિતતા સાથે હાઈબ્રીડ ઈન્ટરનેટ કનેક્ટિવિટી મળતી થશે.

રાજ્યમાં હાલના તબક્કે ૭૪૦૦ શાળાઓ, ૬૦૦ જેટલા આરોગ્ય કેન્દ્રો, ૩૦૦ થી વધુ પોલીસ ચોકીઓ, G.I.D.C., ટુરિસ્ટ પ્લેસીસ, પ્રદર્શન કેન્દ્રો વગેરેને ભારત નેટ ફેઝ-૨ નેટવર્ક પર આવરી લઈને ૫૦ સ્થળોને જોડવામાં આવ્યા છે.

આ ઉપરાંત દૂરના વિસ્તારોમાં મોબાઈલ સિગ્નલ સુધારવા માટે ૧૬૦થી વધુ ટેલિકોમ ટાવર ડાર્ક ફાઈબર લીઝીંગ સાથે ફાઈબરાઈઝ્ડ પણ છે.સુધારેલ ભારત નેટ પ્રોગ્રામનો રાજ્યમાં અમલ થતાં ગુજરાતે ગ્રામીણ ક્ષેત્રે ડિજિટલ ક્રાંતિના અપનાવેલા મોડેલની વિશેષતાઓ વધુ ઉજાગર થશે અને આ સેવાઓ સાતત્યતાપૂર્વક આગળ વધશે.

આના પરિણામે ગુડ ગવર્નન્સ, ડિજિટલ સર્વિસ અને રાજ્ય સરકારની સંકલિત કાર્ય યોજનાઓનો વિશાળ હિતમાં લાભ અંતરિયાળ વિસ્તારો સુધી ટેલ્કોગ્રેડ નેટવર્કના નિર્માણથી પહોંચતો થશે.

ગંગા નદી પર બનશે સૌથી મોટો પુલ નીચે ટ્રેન અને ઉપરથી કાર પસાર થશે

નવી દિલ્હી, કાશીમાં ગંગા પર રેલ રોડ બ્રિજ બનવા જઈ રહ્યો છે. જે હાલમાં સિગ્નેચર બ્રિજ કહેવાય છે. આ બ્રિજનું બાધકામ ૧૩૭ વર્ષ જૂના માલવીય પુલથી ૫૦ મીટર દૂર તેની બાજુમાં જ બનાવવામાં આવે છે. બ્રિજનું ડીપીઆર ફાઈનલ થઈ ચુક્યું છે અને બ્લૂ પ્રિન્ટ પણ જાહેર કરી દેવામાં આવી છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ પોતાના એક્સ અકાઉન્ટથી આ પુલની જાણકારી આપી છે. પ્રધાનમંત્રીએ લખ્યું કે, કાશીવાસીઓની સુખ સુવિધા માટે અમે કોઈ કસર છોડવા નથી માગતા. આ જ ક્રમમાં ગંગા પર એક રેલ રોડ પુલને મંજૂરી આપવામાં આવી છે. તેનાથી તીર્થયાત્રી, પર્યટકો અને અહીંના લોકોને સારી કનેક્ટિવિટી મળવાની સાથે રોજગાર અને બિઝનેસના નવા નવા અવસર પણ બનશે. આપને જણાવી દઈએ કે, આ બ્રિજને આગામી ૧૦૦ વર્ષ માટે રેલવે અને રોડ અવરજવર વ્યવસ્થાને ધ્યાનમાં રાખતા બનાવવાનો પ્લાન છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં કેન્દ્રીય કેબિનેટે રેલવે મંત્રાલયના એક મોટા પ્રોજેક્ટને મંજૂરી આપી છે. આ પ્રોજેક્ટનો અંદાજિત ખર્ચ અંદાજે રૂ. ૨,૬૪૨ કરોડ છે. આ મલ્ટિ-ટ્રેકિંગ પ્રોજેક્ટ રેલવેના સૌથી વ્યસ્ત રૂટ પર કામગીરી સરળ બનાવશે અને જામની સમસ્યામાં ઘટાડો કરશે. આ પ્રોજેક્ટ ઉત્તર પ્રદેશના વારાણસી અને ચંદૌલી જિલ્લામાંથી પસાર થશે. વારાણસી રેલ્વે સ્ટેશન એ ભારતીય રેલ્વેનું મહત્વનું કેન્દ્ર છે,

જે મુખ્ય વિસ્તારોને જોડે છે. અહીંથી લાખો મુસાફરો અને કોલસો, સિમેન્ટ, અનાજ વગેરે જેવી મોટી માત્રામાં માલસામાનની અવરજવર થાય છે. આ માર્ગ પર ભીડ ઘટાડવા માટે, નવો રેલ-કમ-રોડ બ્રિજ અને ત્રીજી અને ચોથી રેલ લાઈન નાખવાનું કામ કરવામાં આવશે.

શહેરી મતદારોની નિરસતા લોકતંત્રને નબળું બનાવી રહી છે

નવી દિલ્હી, ચૂંટણી પંચે શહેરી ક્ષેત્રોમાં મતદાનને લઈને મતદારોની નિરસતા પર ઊંડી ચિંતા વ્યક્ત કરી છે અને કહ્યું કે, 'શહેરી મતદારોની નિરસતા લોકતંત્રને નબળું બનાવી રહી છે.' આગામી દિવસોમાં મહારાષ્ટ્ર અને ઝારખંડમાં વિધાનસભા ચૂંટણી યોજાવા જઈ રહી છે. મહારાષ્ટ્રમાં છેલ્લી વિધાનસભા ચૂંટણીમાં શહેરી વિસ્તારોમાં મતદાન રાજ્યના સરેરાશ મતદાન કરતાં ઘણું ઓછું હતું. મતદાનને લઈને શહેરી ક્ષેત્રોમાં ખૂબ જ ચિંતાજનક સ્થિતિ છે.'મજબૂત લોકતંત્ર માટે એ જરૂરી છે કે સરકારને ચૂંટવા માટે વધુને વધુ લોકોની ભાગીદારી હોય, પરંતુ એવું નથી થઈ રહ્યું. દરેક ચૂંટણીમાં હજુ પણ મોટી સંખ્યામાં મતદારો ભાગ નથી લઈ રહ્યા. ખાસ કરીને શહેરી ક્ષેત્રોમાં ચિંતાજનક સ્થિતિ છે, જ્યાં રાજ્યમાં સરેરાશ મતદાન કરતાં લગભગ ૨૦% ઓછું મતદાન થાય છે.એક અહેવાલ પ્રમાણે ૨૦૧૯માં મહારાષ્ટ્રની ચૂંટણીમાં કુલ ૬૪ શહેરી વિધાનસભા બેઠકોમાંથી ૬૨ પર રાજ્યમાં થયેલા સરેરાશ મતદાન કરતાં ઓછું મતદાન થયું હતું.

પશ્ચિમ રેલવે - રાજકોટ ડિવિઝન

ઇ-ઓક્શન નોટિસ

ઉપરોક્ત સંદર્ભમાં, રાજકોટ ડિવિઝન માટે નીચેના કેટલોગ માટે ઇ-ઓક્શન પર બિડ મંગાવવામાં આવે છે, જે આઈઆરઈપીએસ વેબસાઇટ પર પહેલેથી જ પ્રકાશિત કરવામાં આવી છે. જેની વિગતો નીચે મુજબ છે.

કેટલોગ નં	કરારના પ્રકારો	વર્ગ	હરાજીની તારીખ અને સમય
RJT-ADVT-24-14	➢ ફન ઝોનનો વિકાસ અને સંચાલન (ઇન્ડોર/આઉટડોર ગેમ્સ) ➢ ફિઝિયો અને સ્પોર્ટ્સ એક્ટિવિટી સેન્ટર ના વિકાસ, બાંધકામ, સંચાલન અને જાળવણી માટેનો કરાર (જીમ, યોગા, ઝુમ્બા વગેરે)	વિવિધ-સ્થિર-સેવાઓ	તા. 04.11.2024 10:00 વાગ્યે શરૂ થશે.

ઉપરોક્ત કેટલોગ નંબર હેઠળ લોટ મુજબની વિગતો આગામી ઈ-ઓક્શન , ઝોન: પશ્ચિમ રેલવે,યુનિટ: રાજકોટ ડિવિઝન - કોમર્શિયલ હેઠળ WWW.IREPS.GOV.IN વેબસાઈટ પર ઉપલબ્ધ છે. 110

અમને લાઇક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: twitter.com/WesternRly

પશ્ચિમ રેલવે – રાજકોટ ડિવિઝન

'SLR ના લિઝીંગ' કોન્ટ્રાક્ટ માટે ઈ-ઓક્શન

પત્ર નં. C 78/E-AUCTION/LEASING/Genl./Corrs./2024.

સંદર્ભ : ED (FM), RB's પત્ર નં. 2022/TC(FM)/10/04 dtd 11-04-2022

ઉપરોક્ત સંદર્ભમાં, "SLR ના લિઝીંગ" કોન્ટ્રાક્ટ માટે ઈ-ઓક્શન આમંત્રિત કરે છે. કેટલોગ IREPS વેબસાઈટ પર પહેલે થી પ્રકાશિત કરવામાં આવેલ છે. વિગતો નીચે મુજબ આપવામાં આવેલ છે.

કેટલોગ નં.	કોન્ટ્રાક્ટનો પ્રકાર	અનું. નં.	લોટ નં.	કોન્ટ્રાક્ટ સમયગાળો	લોટ સમાપ્ત થવાની તારીખ અને સમય
E-SLR-RJT-6-24	SLR નું લિઝીંગ	AA/1	22960-SLR-F1-JAM-BRC-22-1	02 વર્ષ	તમામ લોટ માટે ઈ-ઓક્શન તા.30-10-2024 ના 10:00 કલાકે શરૂ થશે. પ્રારંભિક કૂલિંગ ઑફ પિરિયડ 30 મિનિટ છે. સક્સેસિવ લોટ ક્લોઝીંગ ઈન્ટરવલ 10 મિનિટ છે. આઈઆરઈપીએસ ના ઈ-ઓક્શન મોડ્યુલ માં લોટ-વાઈઝ બંધ થવાનો સમય જોઈ શકાય છે.
		AA/2	22924-SLR-F1-JAM-BDTS-24-1		
		AA/3	16734-SLR- R1-OKHA- RMM-24-1		
		AA/4	22717-SLR- F2-RJT-SC- 22-1		
		AA/5	22946-SLR- R1-OKHA- MMCT-22-1		
		AA/6	22960-SLR- R1-JAM-BRC- 22-1		
		AA/7	22969-SLR- R1-OKHA- BSBS-24-2		
		AA/8	22946-SLR- F1-OKHA- MMCT-22-1		
		AA/9	22717-SLR- F1-RJT-SC- 22-1		

RJT-108

અમને લાઇક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: twitter.com/WesternRly

દારૂની પરમિટ માટે હવે રૂ.૨૫ હજાર, રિન્યુઅલ માટે રૂ.૨૦ હજાર ચૂકવવા પડશે

અમદાવાદ, સુરતીઓ ખાણી-પીણી માટે જગતભરમાં જાણીતા છે. સુરતમાં લિકર પરમિટ ધરાવતા શહેરીજનોનો ગ્રાફ તબક્કાવાર વધી રહ્યો છે. વર્તમાન સમયે ૧૨૫૦૦થી વધુ લોકો લિકર પરમિટ ધરાવે છે. નવી લિકર પરમિટ બનાવવા કે રિન્યુઅલ કરવા માટે નક્કી થયેલા ભાવોમાં સામી દિવાળીએ મોટી રકમનો વધારો કરવામાં આવ્યો છે. નવી પરમિટ મેળવવા હવે નવી સિવિલ હોસ્પિટલ સ્થિત રોગી કલ્યાણ સમિતિને ૨૫,૦૦૦નો તો પરમિટ રિન્યુ કરાવવા માટે ૨૦,૦૦૦ રૂપિયાનો ચાંદલો કરવો પડશે.

દિવાળી આંગણે દસ્તક દઈ રહી છે. સુરતીઓના તહેવારની ઉજવણી દારૂ વિના અધૂરી રહે છે. ફિક્કી લાગે છે. તહેવારના દિવસોમાં લિકરની જબરદસ્ત ડિમાન્ડ રહેતી હોય બુટલેગરો પણ ચર્ચામાં રહે છે. બરાબર દિવાળી અગાઉ જ લિકર પરમિટ મેળવવા કે પરમિટ રિન્યુઅલ કરવાના ભાવોમાં નવી સિવિલ હોસ્પિટલ સ્થિત રોગી કલ્યાણ સમિતિએ તોતિંગ વધારો કરાયો છે.

જેને પગલે દિવાળીમાં દારૂનું સેવન કરવું હવે મોંઘું બનશે. રાજ્યમાં સ્વાસ્થ્ય કારણોસર દારૂ પીવા માટેની પરવાનગી મેળવનારા લોકોની કુલ સંખ્યા પ્રતિવર્ષ વધી રહી છે. સામી દિવાળીએ આ સંખ્યા ૪૫૦૦૦ને વટાવી ચૂકી હોવાનું વર્તુળોએ જણાવ્યું હતું. તો સંખ્યાબંધ લોકો નવી પરમિટ મેળવવા અરજી કરી ચૂક્યા છે.

આ અરજદારોએ હવે લિકર પરમિટ મેળવવા ૧૫૦ ટકા રકમ વધુ ખર્ચવાનો વખત આવ્યો છે. સુરત શહેરમાં લિકરની પરમિટના ભાવ બાબતે ગત મહિને મળેલી સંકલનની બેઠકમાં પરમિટના ભાવોમાં વધારો જબરદસ્ત વધારો કરવામાં આવ્યો હતો. આ નિર્ણયને પગલે નવી લિકર પરમિટ કઢાવવા અત્યાર સુધી લેવામાં આવતા ૧૦,૦૦૦ રૂપિયા વધારી ૨૫,૦૦૦ કરાયા હતા. આ જ પ્રમાણે પરમિટ રિન્યુ કરાવવા માટે લેવામાં આવતા પાંચ હજાર રૂપિયામાં સીધો ૧૫,૦૦૦નો વધારો ઝીંકી ૨૦,૦૦૦ કરી દેવાયા છે. લિકર પરમિટના ભાવોમાં થયેલા વધારાની આ રકમ નવી સિવિલ હોસ્પિટલની રોગી કલ્યાણ સમિતિમાં જમા થશે. નવી લિકર પરમિટ એક વર્ષ માટે તો રિન્યુઅલ બે વર્ષ માટે કરવામાં આવશે

યુવતીના બાથરૂમથી લઈને બેડરૂમ સુધી લગાવ્યા હતા સ્પાઈ કેમેરા

નવી દિલ્હી, દિલ્હી પોલીસે એક વ્યક્તિની ધરપકડ કરી છે. આ શખ્સ પોતાના ઘરમાં રહીને છોકરીની જાસૂસી કરી રહ્યો હતો. આરોપીએ બાથરૂમથી લઈને છોકરીના બેડરૂમ સુધી તમામ જગ્યાએ સ્પાઈ કેમેરા ફીટ કર્યા હતા. પોલીસ અનુસાર ૩૦ વર્ષના આરોપીએ ચોંકાવનારી કબૂલાત કરી છે. પોલીસ અનુસાર છોકરી દિલ્હીમાં રહીને સિવિલ સર્વિસિઝની તૈયારી કરી રહી છે. તે મૂળ યુપીની રહેવાસી છે. આરોપીનું નામ કરણ છે, જે મકાન માલિકનો દીકરો છે. આરોપી બિલ્ડીંગના બીજા માળે રહે છે. આરોપી છોકરીને જોવા માટે બાથરૂમથી લઈને બેડરૂમ સુધી સ્પાઈ કેમેરા ફીટ કરીને રાખ્યા હતા.

JM FINANCIAL

જેએમ ફાઈનાન્સિયલ એસેટ રીકન્સ્ટ્રકશન કંપની લિમીટેડ

કોર્પોરેટ ઓળખ નં. U67190MH2007PLC174287

રજીસ્ટર્ડ ઓફિસ : સાતમો માળ, એનર્જી અભ્યાસાહેબ મરાઠે માર્ગ, પ્રભાદેવી, મુંબઈ - ૪૦૦૦૨૫.

સંપર્ક વ્યક્તિ : વરીયા વલ્લભભાઈ-૯૮૨૫૬૩૬૫૫, વિશાલ કેટેલે-૯૫૮૪૯૬૬૬૫૩, જ્યોતિ સવંત-૦૨૨-૬૨૨૪૧૬૭૬

ઈ-હરાજી વેચાણ નોટીસ – તાજુ વેચાણ

ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરીટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ (સરફેસી એક્ટ) જેએમએફએઆરસી (જેએમ) (અહીં અસાઈની તરીકે ઓળખવામાં આવે છે) ની તરફેણમાં ૨૯ માર્ચ, ૨૦૨૩ ના રોજ અસાઈનમેન્ટ એગ્રીમેન્ટ JMFARC-Aranya - Trust (સોંપણી કરાર) દ્વારા તેની ક્ષમતામાં કાર્ય કરે છે. તે સૂચિત કરવા માટે છે કે પીરામલ કેપીટલ અને હાઉસીંગ ફાઈનાન્સ લિમીટેડ અંતર્ગત સુરક્ષા હિત સાથે લોનનો એક પૂલ (નીચે દર્શાવેલ લોન સહીત) અસાઈન કરેલ છે જે જોતાં તમામ ઓપરેશનલ અને કાર્યવાહી પ્રક્રિયાઓને સરળ બનાવવા માટે પીસીએચએફએલ સેવા પ્રદાતા / સંગ્રહ તરીકે કાર્ય કરવા માટે અધિકૃત અને નિયુક્ત કરવામાં આવેલ છે. સિક્યોરીટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રકશન ઓફ અસાઈમેન્ટ / સર્વિસ એગ્રીમેન્ટની કલમ ૫(૧) (બી) હેઠળ તમામ હકો, શીર્ષક અને તેના પરના હિત સાથે સરફેસી એક્ટ -